દિવ્ય ભાસ્કર

Date: 17 November, 2019 (Divyabhaskar Ahm. City Bhaskar, Pg. No. 2)

# IITRAMના પદવીદાનમાં 127 વિદ્યાર્થીઓને પદવી

## રાજ્યના શિક્ષણમંત્રીની હાજરીમાં યોજાયો કોન્વોકેશન



• ગ્રૂપ ફોટોગ્રાફ ક્લિક કરીને વિદ્યાર્થીઓએ કોન્વોકેશનની યાદગાર પળ કેપ્ચર કરી હતી.

**CONVOCATION**

સિટી રિપોર્ટર . અમદાવાદ

ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ(IITRAM)નો ત્રીજો પદવીદાન શનિવારે આઈઆઈટીરામ કેમ્પસ ખાતે યોજાયો. જેમાં બી.ટેક.ની ત્રીજી બેચનાં સિવિલ એન્જિનિયરિંગનાં 39 ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ 39 અને મિકેનિકલ એન્જિનિયરિંગ 49 મળીને કુલ 127 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ સાથે સંસ્થાના અનુસ્નાતક એમ.ટેક.ની બીજી બેચનાં 23 વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પદવી એનાયત કરવામાં આવી હતી.

કોન્વોકેશનના ચીફ ગેસ્ટ તરીકે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપીને વિદ્યાર્થીઓને મોટિવેશનલ સ્પીચ આપી હતી. શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને યુવાઓ માટે સ્કાઈ ઈઝ ધ લિમિટ સૂત્ર આપી હાલની વૈશ્વિક તેમજ રાષ્ટ્રીય સમસ્યાઓ જેવી કે, ગ્લોબલ વોર્મિંગ, ટ્રાફિક સમસ્યા, ભૂકંપપ્રૂફ બાંધકામ, ફ્લાયઓવરોનું નિર્માણ, પ્લાસ્ટિક મુક્ત વાતાવરણ વગેરેનાં નિવારણ અર્થે સંશોધનો કરવા જણાવ્યું હતું. કોન્વોકેશનમાં IITRAM દ્વારા વર્ષ દરમિયાન એકેડમિક, સ્પોર્ટ્સ અને આઉટરિચ એક્ટિવિટીમાં કોલેજ તરફથી વિદ્યાર્થીઓએ કરેલા શ્રેષ્ઠ પ્રદર્શનનો રિપોર્ટ શેર કરીને ફ્યુચર પ્રોજેક્ટ વિશે માહિતી આપી હતી. સાથે વિદ્યાર્થીઓ કોલેજમાંથી મળેલા નોલેજને સમાજ માટે યુઝ કરે તેવી અપીલ કરી હતી.